## અવસાન પામેલા સરકારી કર્મચારી / અધિકારી / પેન્શનરના શારીરિક અથવા માનસિક અશક્ત સંતાનને આજીવન કુટુંબપેન્શન મળવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : નવત-2001-ડી-496-પી
સચિવાલય, ગાંધીનગર, તા. 08-04-2009

*વંચાણે લીધા :*

*(1) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, 2002ના નિયમ-93 ની જોગવાઈ.*

*(2) આપ.ક.વિ.ના ઠરાવક્રમાંક : હસપ-102002-જીએઓ-36-અ, તા. 6-1-2009.*

**પરિપત્ર :**

ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, 2002 ના નિયમ-93 અન્વયે અવસાન પામેલ સરકાર કર્મચારી અધિકારી / પેન્શનરના **શારીરિક અથવા માનસિક અશક્ત સંતાનને** આજીવન કુટુંબપેન્શન મળવા બાબતે તબીબી પ્રમાણપત્ર મેળવીને જે તે સંબંધિત સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કરવાની જોગવાઇ છે. આ જોગવાઇ અનુસાર લાભાર્થી સંતાન, વિકલાંગતા / અશક્તતાના કારણસર પોતાનું ભરણ-પોષણ કરવા માટે કોઈ આર્થિક ઉપાર્જન કરી શકે તેવી સ્થિતિમાં નથી તેમ નક્કી કરવા બાબતે અરજદારને પડતી મુશ્કેલીઓ બાબતે નાણાં વિભાગને મળેલ રજૂઆતો સંબંધમાં પ્રસ્તુત નિયમોમાં કેટલીક વધુ સ્પષ્ટતા કરવાની બાબત આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના પરામર્શમાં વિચારણા હેઠળ હતી.

આથી ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, 2002 ના નિયમ-93 ની જોગવાઈ અનુલક્ષીને ઉક્ત સંદર્ભ-(2)માં દર્શાવેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તા. 6-01-'09 ના ઠરાવથી જિલ્લા તબીબી બોર્ડની પુનઃરચના કરવામાં આવેલ છે. અને શારીરિક વિકલાંગતા માટેના નિયત કરેલ *(Certificate for the person with Disabilities)* અને મંદબુદ્ધિ માટે *(Certificate for Mental Retardation for Government Benefites)* તબીબી પ્રમાણપત્રનો નમૂનો સુધારવામાં આવેલ છે. આમ શારીરિક અથવા માનસિક અશક્તતા માટે નિયત કરેલ સંબંધકર્તા તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પ્રસ્તુત સુધારેલ સૂચનાઓને અનુલક્ષીને આ પ્રકારના કેસોનો ઝડપી નિકાલ કરવા પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાતરાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, કે. બી. દાણી
ઉપસચિવ (પેન્શન), નાણાં વિભાગ